ગાંધીનગર સમાચાર

આજે જિલ્લા આરોગ્ય સમિતિની બેઠક

# આજની રાત અમે રંગભેર રમશુ

## નવદુર્ગાની નવરાતની અંતિમ રાત્રે નવયૌવન મનભેર ગરબે રમશે





ગાંધીનગર તા ૯

નવરાતના નવદિવસ ગરબાની રમઝટ બાદ ખેલેયાઓ હવે આખરી દસમાં અલબત્ત છેલ્લા દિવસે ધુમ મચાવશે. દરવર્ષે ગરબા રમવાના નવ દિવસ જ ખેલેયાઓને મળે છે. પરંતુ આ વખતે ઘણાં વર્ષો બાદ નવરાતમાં એક રાત વધુ આવતા ખૈલેયાઓને મજા પડી જશે. જો કે પ્રારંભિક દિવસોમાં સતત વરસાદી વાતાવરણના લીધે ખૈલેયાઓ ના રંગમાં ભંગ પડયો હતો. ત્યારે હવે નવરાત પર્વના આખરી દિવસે ગરબાની રંગત વધુ ભવ્ય બની રહેશે. ખૈલેયાઓ સમયની પાબંદી વચ્ચે છેલ્લી ઘડી સુધી ગરબે ઘુમી લેવાના મુડમાં છે. કલ્ચરલ ફોરમમાં આઠમા નોરતે ફરી એકવાર દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કરની સંગત સાથે ગરબાની રંગત જમાવી હતી. ભારેખમ ભીડ વચ્ચે ગરબા મેદાનમાં અવનવા ટ્રેડીશનલ વસ્ત્રોમાં સજજ ખૈલેયાઓને નિહાળવા ગરબા પ્રેમીઓની ભીડ જામે છે. નવરાતના અંતિમ દિવસે પણ ખૈલેયાઓ ગરબાની ધુમ મચાવશે.

નવલા નવરાત પર્વના અંતિમ ચરણમાં નગર આખુ માતાજીની ભક્તિવંદનામાં તલ્લીન બન્યુ છે. સેકટરોમાં રાત્રિના સમયે માતાજીની આરતી અને પુજા વિધિ બાદ ગરબાની રમઝટ જામે છે. રાત્રિના ગરબા બાદ ગરમ નાસ્તાની પણ જિયાફત જામે છે. નવરાત પર્વની પારિવારિક ઉજવણીના લીધે નગરનુ જનજીવન વધુ ચેતનવંતુ બન્યુ છે. રાત્રિના સમયે પણ રોશનની જાકમજોળ વચ્ચે સેકટરોની શેરીઓમાં ઉજાસ પથરાયેલો જોવા મળે છે. નવરાત પર્વના પ્રારંભે વરસાદનુ વિઘ્ન આડુ આવતા ખૈલેયાઓમાં ભારે નિરાશા વ્યાપી હતી. નવના બદલે દશ નોરતા મળતા ઉત્સાહ વચ્ચે વરસાદ વિલન બનતા ખૈલેયાઓની આશ પર પાણી ફરી વળ્યુ હતુ. પરંતુ છઠ્ઠા દિવસથી વરસાદે ખમૈયા કરતા ખૈલેયાઓ મુડમાં આવી ગયા હતા. રેઈની ગરબા બાદ ગરબા મેદાનમાં ખૈલેયાઓ અસલ મુડમાં જોવા મળ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી ગરબા મેદાનમાં ભારેખમ ભીડ વચ્ચે ખૈલેયાઓ ગરબાની રમઝટ જમાવે છે.

નવરાતના અંતિમ ચરણમાં મનમુકીને ગરબે ઘુમી લેવા ઉત્સુક ખૈલેયાઓ એકક્ષણ પણ બગાડવાના મુડમાં નથી. ગઈકાલે નવમાં નોરતે પણ કલ્ચરલ ફોરમમાં દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કરની સંગીત બેલડી વચ્ચે ખૈલેયાઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબાની રંગત જમાવી હતી. જયારે છેલ્લા દિવસે પણ મનભરીને ગરબે રમી લેવાની તૈયારી થઇ ચુકી છે. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં નવે નવ દિવસના વિજેતા ખૈલેયાઓ માટે મેગાફાઈનલ સ્પર્ધા યોજવામાં આવતી હોવાથી ખૈલેયાઓ તેની તૈયારીમાં પણ લાગી ગયા છે. નવરાતના નવ દિવસો પુરા થતા આ વખતે એક નોરતુ વધારે હોવાથી ખૈલેયાઓ ગરબાની ધુમ મચાવશે. આજની રાત અમે રંગભેર રમશુ. નવદુર્ગાની રાત્રિમાં નવયૌવનમાં ગરબે ઘુમવાનો સતત થનગનાટ જોવા મળી રહયો છે. તેવા અભિગમ સાથે ગરબા પ્રેમીઓ હવે નવરાતના છેલ્લા દિવસે નવયૌવન હીલોળે ચઢશે.

## ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં સનદી અધિકારીઓએ ગરબાની રંગત માણી



કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં માતાજીની ભક્તિ વંદના સાથે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળે છે. શક્તિની ભકિતના માહોલ વચ્ચે ભાતીગળ વસ્ત્રોમાં સજજ ખૈલેયાઓ શ્રોતાઓ માટે અદમ્ય આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં ગરબા નિહાળવા માટે શહેર ઉપરાંત દેશ વિદેશ સહીત રાજયના વિવિધ શહેરોમાંથી ગરબા પ્રેમીઓ મહેમાન બને છે. રાજયના સનદી અધિકારીઓએ પણ ગરબાની રંગત માંણી હતી. માતાજીની આરતીના દર્શનનો પણ લાભ લીધો હતો. સનદી અધિકારીઓ વી એસ ગઢવી,ભાગ્યેશ જહા ,એસ જે હૈદર, સંજીવકુમાર, મમતા વર્મા, ડો મુરલી ક્રિષ્ણન, સહીતના અફસરો ખૈલેયાઓને ગરબે ઘુમતા નિહાળી દંગ રહી ગયા હતા.

## ડેન્ગ્યુ માટે સંવેદનશીલ બનેલ ખોરજમાં પ્રતિરોધક હોમિયોપેથીક દવાનું વિતરણ કરાયું

### ખોરજમાં આયુર્વેદ શાળા દ્વારા ડેન્ગ્યુ સામે રક્ષણ માટેનો નવતર પ્રયોગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામે ડેન્ગ્યુ સામે પ્રતિરોધક હોમયોપેથીક દવાઓનું વિતરણ કરી અને વાહકજન્ય રોગચાળાને નાથવાનો નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યુ હતુ કે આયુર્વેદ શાખા અને મેલેરિયા તંત્રના સંયુક્ત ઉપક્રમે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. હોમયોપેથીમાં ત્રણ દિવસ સુધી દવા લેવાથી ડેન્ગ્યુને થતો અટકાવી શકાય છે એટલુ જ નહિ ડેન્ગ્યુ થયો હોય તો તેમાં રાહત થતી હોય છે. આ આખુય અભિયાન પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવ્યુ હોવાનુ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યુ હતુ કે આ ગામ ડેન્ગ્યુ માટે સંવેદનશીલ જણાયુ હોવાથી અહિ આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્ર દ્વારા જરૂરી તમામ પગલાઓ સમયાનુસાર લેવામાં આવી રહ્યા છે અને તેના સારા પરિણામો પણ મળ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ખોરજ એ ડેન્ગ્યુ માટે સંવેદનશીલ બન્યુ હતુ અને પાંચ હજારથી વધુ વસ્તીને આ દવા વિતરણથી આવરી લેવામાં આવેલ છે.

જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ આ આખોય પ્રાયોગિક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ૭૦ હજારથી વધુ ટેપ્લેટ્સનું વિતરણ કરવામાં આવ્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

દરમ્યાન જિલ્લામાં આ વર્ષે પણ મેલેરિયાના કેસો ઘટી રહ્યા છે જ્યારે ડેન્ગ્યુના છુટા છવાયા કેસો મળી રહ્યા છે. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ વર્ષે બે વાર વાહકજન્ય રોગચાળા અંગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ. ૬ હજારથી પણ વધુ સ્થાનોએથી મળી આવેલા મચ્છરોના બ્રિડીંગનો નાશ કરી એન્ટી લારવેલ કામગીરી કરવામાં આવી હતી. ૭ હજારથી વધુ લોહીના નમૂના લીધા હતા.

## આજે જિલ્લા આરોગ્ય સમિતિની બેઠક

### જુના અને જર્જરિત આરોગ્ય કેન્દ્રો તોડી નવા બનાવવાની દરખાસ્ત તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની ગત સપ્તાહે રદ થયેલી આરોગ્ય સમિતિની બેઠક સોમવારે મળશે. આજે ચેરમેન આશાબેન રાઠોડના અધ્યક્ષપદે આ મળનારી બેઠકનો એજન્ડા પણ જારી કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં જુના અને જર્જરિત આરોગ્ય કેન્દ્રોને તોડી નવા બનાવવા અંગે આ બેઠકમાં પ્રસ્તાવ પસાર કરાશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લાના ચારેય તાલુકામાં મળી ૧૫ જેટલા આરોગ્ય કેન્દ્રોને તોડી નવા બનાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આરોગ્ય સમિતિની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરાયા બાદ તે સામાન્ય સભાની મંજૂરી માટે રજુ થશે અને ત્યારબાદ તે રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

સરકાર તરફથી મંજૂરી મળ્યા બાદ આ કેન્દ્રો તોડવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જિલ્લામાં ૪૦ વર્ષ કરતાં પણ વધુ જુના મકાનોમાં હાલ આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. નવા આરોગ્ય કેન્દ્રો આધુનિક સુવિધાઓ સાથે બનાવવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગત સપ્તાહે આરોગ્ય સમિતિની બેઠક મળવાની હતી પરંતુ તંત્રના ખ્યાલ બહાર બેઠક જતી રહી હોવાથી વિવાદ પણ ઉભો થયો હતો અને બેઠક રદ કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. તંત્રને પંચાયત પ્રમુખશ્રીના લેટરહેડ પર ચેરમેને સહિ કરી ખુલાસો પણ માંગ્યો હતો.

## શ્રદ્ધાંજલિ



ડો. બી. એમ. વાઘેલા

જ. - ૨૦/૮/૧૯૪૭ અ. : ૨૯/૯/૨૦૧૬

પોતાની વિદ્યા, કુશળતા, સૌમ્યતા, ઋજુતા અને સંવેદનશીલતાથી અનેકના દિલમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કરનાર મધુરભાષી ડૉ. બી. એમ. વાઘેલાને સાદર શ્રદ્ધાંજલિ

ડો. આર. જે. ભાવસાર — ડો. દેવેન્દ્ર રાવલ
ડો. વિક્રમ પ્રજાપતિ — પ્રા. પૃથ્વી શાહ
વિનોદભાઈ દરજી — અલ્પેશ પાટડિયા
રાજ આયુ. એજન્સી-સે.૨૯ — હિરેન જસાણી
ચામુંડા પાર્લર-સે.૨૯ — ગાયત્રી મોટર ગેરેજ-સે.૨૯
ગાંધીનગર આયુ. સ્ટોર્સ, સચિવાલય

## અનુસુચિ

| મતદાર વિભાગનું નામ | બેઠકની સંખ્યા |
|---|---|
| ધી ઉંઝા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. તથા વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ અને એવી સહકારી મંડળીઓના પ્રતિનિધિમાંથી ચૂંટવાના ડીરેક્ટર્સ કુલ-૧૩ (તેર) | ૧૩ |

### ચૂંટણી કાર્યક્રમ

| ક્રમ | વિગત | તારીખ/વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ઉમેદવારી પત્રો મેળવવા માટેની તારીખ, સમય અને સ્થળ | ૧૩/૧૦/૨૦૧૬ ગુરૂવાર અને ૧૪/૧૦/૨૦૧૬ શુક્રવાર | ૧૧:૦૦થી૧૫:૦૦ કલાક સુધી | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી-વ-મામલતદારશ્રીની કચેરી, ઉંઝા |
| ૨. | ઉમેદવારી પત્રો તૈયાર કરવા માટેની (ભરીને પરત આપવા માટેની તારીખ, સમય અને સ્થળ) | ૧૩/૧૦/૨૦૧૬ ગુરૂવાર અને ૧૪/૧૦/૨૦૧૬ શુક્રવાર | ૧૧:૦૦થી૧૫:૦૦ કલાક સુધી | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી-વ-મામલતદારશ્રીની કચેરી, ઉંઝા |
| ૩. | મળેલ ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | રજૂ થયાની જે તે તારીખે | ૧૫:૦૦ કલાકે | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી-વ-મામલતદારશ્રીની કચેરી, ઉંઝા |
| ૪. | ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ, સમય અને સ્થળ | ૧૫/૧૦/૨૦૧૬ શનિવારે | ૧૧:૦૦ કલાકે | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા |
| ૫. | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૫/૧૦/૨૦૧૬ શનિવાર | ૧૭:૦૦ કલાકે | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી-વ-મામલતદારશ્રીની કચેરી, ઉંઝા<br>૩. કલેક્ટર કચેરી, મહેસાણા<br>૪. ધી ઉંઝા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ઉંઝાની કચેરી |
| ૬. | ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ, સમય અને સ્થળ | ૧૭/૧૦/૨૦૧૬ સોમવાર | ૧૧-૦૦થી ૧૫:૦૦ કલાક સુધી | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી-વ-મામલતદારશ્રીની કચેરી, ઉંઝા |
| ૭. | હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૭/૧૦/૨૦૧૬ સોમવારે | ૧૭:૦૦ કલાકે | ૧. ચૂંટણી અધિકારી વ આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીની કચેરી, મહેસાણા<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી-વ-મામલતદારશ્રીની કચેરી, ઉંઝા<br>૩. કલેક્ટર કચેરી, મહેસાણા<br>૪. ધી ઉંઝા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ઉંઝાની કચેરી |
| ૮. | મતદાન જરૂર હોય તો તેની તારીખ, સમય અને સ્થળ | ૨૭/૧૦/૨૦૧૬ ગુરૂવાર | સવારે ૯:૦૦થી બપોરે ૧૩:૦૦ કલાક સુધી | ધી ઉંઝા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ઉંઝાની કચેરી |
| ૯. | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | ૨૭/૧૦/૨૦૧૬ ગુરૂવાર | ૧૪:૦૦ કલાકથી કામ પૂર્ણ થાય ત્યાં સુધી | ધી ઉંઝા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ઉંઝાની કચેરી |
| ૧૦. | મતગણતરીનું પરિણામ જાહેર કરવાની તારીખ | ૨૭/૧૦/૨૦૧૬ ગુરૂવાર | મતગણતરી પુરી થયા પછી તુર્ત જ | ધી ઉંઝા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ઉંઝાની કચેરી |

સ્થળ : મહેસાણા
તારીખ : ૧/૧૦/૨૦૧૬

સહી/-
(અરૂણ મહેશ બાબુ)
ચૂંટણી અધિકારી
ધી ઉંઝા તાલુકા સ.ખ.વે. સંઘ લી. ઉંઝા
અને
આસીસ્ટન્ટ કલેક્ટર મહેસાણા



















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com